Sunday
06.07.2025
✳Volume :9 ✳ Issue No.353
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ના હસ્તે આણંદમાં ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ

- સહકારી ધોરણે ટેક્સી સેવા અને વીમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંસાધન આ યુનિવર્સિટીમાંથી મળી રહેશે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની સ્થાપના એ ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું
- સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે સાત નવા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે
- સહકારી ક્ષેત્રમાં થતી ભરતીમાં આ યુનિવર્સિટીમાંથી શિક્ષણ લેનારાઓને નોકરી મળશે: સગાવાદના આક્ષેપો દૂર થશે
- ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવાનું પ્રેરક સૂચન કરતાં શ્રી અમિત શાહ

કેન્દ્રીય સહકાર રાજયમંત્રી શ્રી કૃષ્ણ પાલ અને શ્રી મુરલીધર મોહોલ, રાજયના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, રાજયના સહકાર મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિ

- મુખ્યમંત્રી શ્રી -

- ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીથી સમગ્ર દેશમાં નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે
- સમગ્ર વિશ્વ સમક્ષ ભારતના સહકાર મોડલને સશક્ત રીતે રજૂ કરવાનો દ્રષ્ટિકોણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અપનાવ્યો છે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે સહકાર ક્ષેત્રને વિકાસની મુખ્યધારામાં લાવ્યું છે

કમલમ્, આણંદ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ નગરી આણંદ ખાતે વિશ્વની પ્રથમ ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા વર્તમાન બજેટમાં તેની ઘોષણા કરાયા બાદના માત્ર ચાર જ માસમાં આ મહત્વાકાંક્ષી શૈક્ષણિક સંસ્થાન કાર્યાન્વિત થવા જઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધવાનો છે. સહકારી ધોરણે ટેક્સી સેવા અને વીમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંસાધન આ યુનિવર્સિટીમાંથી મળી રહેશે. કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના શિલાન્યાસ પ્રસંગે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની સ્થાપના એ ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું છે. આ મંત્રાલયે દેશભરના ૧૬ અગ્રણી સહકારી નેતાઓ સાથે બેઠકો યોજી હતી અને તેમના મંતવ્યો જાણવામાં આવ્યા હતા. સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે સાત નવા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે. સહકારી પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે આ સાત પહેલ આ ક્ષેત્રને પારદર્શક, લોકતાંત્રિક અને સર્વસમાવેશી બનાવવા માટે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના એ સહકારી ક્ષેત્રની તમામ ખામીઓને દૂર કરવાની એક પહેલ છે. આ યુનિવર્સિટી ૧૨૫ એકરમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે. દેશમાં ૪૦ લાખ કર્મચારીઓ અને ૮૦ લાખ બોર્ડ સભ્યો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે, જેમાં ૩૦ કરોડ લોકો, એટલે કે દેશનો દર ચોથો વ્યક્તિ, આ ચળવળનો ભાગ છે. જોકે, સહકારી કર્મચારીઓ અને સભ્યોની તાલીમ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાનો અભાવ હતો, જે આ યુનિવર્સિટી દૂર કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. આ યુનિવર્સિટી ફકત પ્રશિક્ષિત કર્મચારીઓ જ નહી, પરંતુ ત્રિભુવનદાસ પટેલ જેવા સમર્પિત સહકારી નેતાઓ પણ તૈયાર કરશે તેમ કહેતા શ્રી શાહે ઉમેર્યું કે, સહકારી ક્ષેત્રમાં થતી ભરતીમાં યુનિવર્સિટીમાંથી શિક્ષણ લેનારાઓને નોકરીઓ મળશે. આવું થવાથી સહકારી સંસ્થામાં ભરતીમાં લાગતા ભાઈ-ભત્રીજાવાદના આક્ષેપો દૂર થશે અને પારદર્શિતા વધશે. આ યુનિવર્સિટી ટેકનિકલ કૌશલ્ય, હિસાબની કુશળતા, વૈજ્ઞાનિક અભિગમ અને સહકારી સંસ્કારોનું શિક્ષણ આપશે. ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ શ્રી ત્રિભુવનદાસ પટેલના યોગદાનને યાદ કરતાં જણાવ્યું કે તેમણે ૧૯૪૬માં ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘની સ્થાપના કરી હતી. જે આજે અમૂલ બ્રાન્ડ તરીકે વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત બ્રાન્ડ બની છે. ૩૬ લાખ મહિલાઓ થકી રૂ. ૮૦ હજાર કરોડનો વ્યવસાય અમૂલ થકી થાય છે. આ પહેલ પોલસન્સ ડેરી દ્વારા થતાં અન્યાય સામેની લડત હતી. આ યુનિવર્સિટી સહકારી પ્રવૃત્તિને ગ્રામીણ અને શહેરી અર્થવ્યવસ્થાની મુખ્ય ધારા બનાવશે. તે નવીનતા, સંશોધન અને પ્રશિક્ષણને પ્રોત્સાહન આપશે, અને બે લાખ નવી સહકારી મંડળો બનાવવા સહિતની યોજનાઓને જમીન પર ઉતારશે. તેમણે દેશભરના સહકારી નિષ્ણાતોને આ યુનિવર્સિટી સાથે જોડાઈને યોગદાન આપવા આહ્વાન કર્યું હતું અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ સર્વસમાવેશ પગલાં માટે સંતોષ વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આ યુનિવર્સિટીને ત્રિભુવનદાસ પટેલના નામ આપવાનું યથાર્થ છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજકીય પક્ષાપક્ષીથી પર ઉપર જઈને સહકારી પ્રવૃત્તિમાં તેમના યોગદાનને ધ્યાને રાખીને આ નામાભિધાન કરવામાં આવ્યું હતું. શ્રી ત્રિભૂવનદાસ પટેલ જયારે અમૂલમાંથી નિવૃત્ત થયા ત્યારે ૬ લાખ મહિલાઓએ એક-એક રૂપિયો એકત્ર કરી રૂ. ૬ લાખની ભેટ આપી, તે ભેટને પણ તેમણે સેવાકીય પ્રવૃત્તિ માટે દાન કરી દીધી હતી. ડૉ. વર્ગીસ કુરિયનને તેમણે જ વિદેશમાં વધુ અભ્યાસ માટે મોકલ્યા હતા. ડૉ. કુરિયનનું પણ યોગદાન મહત્વનું છે. શ્રી અમિત શાહ, શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો દ્વારા એનસીઈઆરટીના સહકારિતાના પાઠ્યપુસ્કતના બે મોડ્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું અને આ મોડ્યુઅલની જેમ ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવા શ્રી શાહે પ્રેરક સૂચન કર્યું હતું.

:: મુખ્યમંત્રી શ્રી પટેલ ::

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, આજનો આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના પાવન અવસરે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના નિર્માણ માટેના ખાતમુહૂર્તનો ઐતિહાસિક પ્રસંગ આણંદની ધરતીપર ઉજવાયો છે. જે ભારતના સહકારી ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ રૂપ છે. આ યુનિવર્સિટી દેશની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સહકાર ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરશે. આ ઉત્કૃષ્ટ પહેલથી સહકારી ક્ષેત્રને શૈક્ષણિક, સંશોધન અને નીતિ નિર્માણના સ્તરે મજબૂત પાયાઓ મળશે, જે નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે. આ યુનિવર્સિટીનો આરંભ એ સહકાર ક્ષેત્રના પ્રેરણાસ્રોત ત્રિભુવનદાસ પટેલને શ્રદ્ધાંજલિ સમાન છે, તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ત્રિભુવનદાસ પટેલએ ૧૯૪૬ માં ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકો અને ખેડૂતોને સંગઠિત કરીને સહકારી ચળવળની નવી દિશા આપી હતી. તેમના દ્રષ્ટિકોણમાંથી ઉદભવેલી આ ચળવળ આજે વૈશ્વિક ઉપક્રમ તરીકે વિકસતી જોવા મળી રહી છે. આ ઐતિહાસિક ભૂમિપૂજન સાથે દેશના સહકારી ઈતિહાસને જીવંત રાખતી નવી પેઢી તૈયાર થવા જઈ રહી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમગ્ર વિશ્વ સમક્ષ ભારતના સહકાર મોડલને સશક્ત રીતે રજૂ કરવાનો દ્રષ્ટિકોણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અપનાવ્યો છે. તેમનું નેતૃત્વ સહકાર ક્ષેત્રે કેવળ નીતિ ઘડતર પૂરતું નહીં પરંતુ, તેના અમલીકરણ માટે પણ મજબૂત પગલાંઓ લેતું રહ્યું છે. 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે, તેમણે સહકાર ક્ષેત્રને વિકાસની મુખ્યધારા બનાવી દીધું છે. માત્ર ચાર મહિનાની રેકોર્ડ ગતિએ યુનિવર્સિટી ભવનના ખાતમુહૂર્ત સુધી પહોંચવું એ પ્રબળ રાજકીય ઈચ્છાશકિત અને કાર્યક્ષમતાનું ઉદાહરણ છે, તેમ કહેતા શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગુજરાત સરકારે આ યુનિવર્સિટી માટે ૧૨૫ એકર જમીન ફાળવી છે અને એન.ડી.ડી.બી. જેવી સહકારી સંસ્થાઓના ટેકનિકલ સહયોગથી આ યોજના વધુ વ્યાપક બનશે. ભવિષ્યમાં અહીંથી તાલીમબદ્ધ, જાણકાર અને સમર્પિત યુવા નેતૃત્વ તૈયાર થશે તેવી નેમ પણ તેમણે વ્યક્ત કરી હતી. આ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે સહકારી અભ્યાસ, સંશોધન અને નવીનતાઓ માટે કેન્દ્રસ્થાન બનશે. નવી પેઢીને કલાયમેટ ચેન્જ, ડિજિટલ ઈકોનોમી અને ગ્રામ વિકાસ જેવા ક્ષેત્રે સહકાર માળખાને અનુકૂળ બનાવવા માટેનું કૌશલ્ય પણ અહીં વિકસાવવામાં આવશે. ભારતને વિકાસશીલમાંથી વિકસિત દેશ બનાવવાના અભિયાનમાં આ યુનિવર્સિટી ચાલક બળ બનશે, તેવો દ્રઢ વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આ યુનિવર્સિટી માત્ર શૈક્ષણિક સંસ્થા નહીં, પણ સહકાર સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ બનશે. "વિરાસત ભી, વિકાસ ભી" ના વડાપ્રધાનશ્રીના મંત્રને આ યુનિવર્સિટી સાકાર કરી દેશના સહકારી મૂલ્યોને વૈશ્વિક વ્યાપ આપશે. સહકારી ક્ષેત્ર અન્ય દેશો માટે આર્થિક પ્રવૃત્તિ હશે પણ, સહકારી પ્રવૃત્તિ આપણી પરંપરાનું જીવન દર્શન છે. એકમેકના સહકારથી આગળ વધવાની આપણી પ્રકૃત્તિ છે. ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત એ માત્ર નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેના પાયાનું સ્થાપન જ નથી પરંતુ સમગ્ર દેશના સહકાર પ્રવૃત્તિ ક્ષેત્રને નવી દૃષ્ટિ સાથે નવા સંકલ્પ, નવી દિશા આપવાનું મહત્વનું માધ્યમ બનશે, તેમ મુખ્યમંત્રીશ્રી પટેલએ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય સહકાર રાજયમંત્રી શ્રી કૃષ્ણપાલ અને શ્રી મુરલીધર મોહોલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકર ચૌધરી, રાજયના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, સહકાર રાજય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, આણંદના સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, નડિયાદના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, આણંદના ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ કુમાર ભૂટાની, જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ, એન.ડી.ડી.બી.ના ચેરમેન શ્રી મિનેશભાઈ શાહ સહિત એન.ડી.ડી.બી. અને ઈરમાના અધ્યાપક તથા પદાધિકારીઓ અને અધિકારીઓ તથા ખેડૂતો અને પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અદયક્ષ સ્થાને અતુલ કંપની ખાતે "સંજીવની" મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ કાર્યક્રમ યોજાયો



કમલમ્, ગુજરાત સરકારના નાણાં, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી આદરણીય શ્રી કનુભાઈ દેસાઈ ના અધ્યક્ષ સ્થાને, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સુનિલ લાલભાઈ, સ્વાતિબેન લાલભાઈની વિશેષ ઉપસ્થિતિમાં વલસાડની અતુલ કંપની દ્વારા "સંજીવની" મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વૃક્ષોના મહત્વ અંગે જરૂરી માર્ગદર્શન આપી ઉપસ્થિત લોકોને વધુને વધુ વૃક્ષો વાવવા માટેની અપીલ કરી હતી, આ સાથે જ એમણે દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં વૃક્ષારોપણ અંગે જન જાગૃતિ ની પણ વિગતવાર માહિતીઓ આપી હતી, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે વૃક્ષારોપણને વેગ આપવા અનુરોધ કર્યો હતો, અતુલ કંપનીના મેનેજિંગ ડાયરેકટર શ્રી સુનિલ લાલભાઈએ કંપની દ્વારા વર્ષોથી કરવામાં આવી રહેલ વૃક્ષારોપણ કાર્યક્રમ અંગે વિગતવાર માહિતીઓ આપી હતી, નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ અતુલ કંપની સંકુલ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી સોનલબેન સોલંકી, વી.આઈ.એ ના પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર શ્રી દિવ્યેશ કૈલાશનાથ પાંડે, વલસાડ તાલુકા ભાજપ ના પૂર્વ પ્રમુખ શ્રી કિશોરભાઈ પટેલ, કંપનીના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

તંત્રી સ્થાનેથી......

સેનેટના પ્રમુખ મહામહિમ વેડ માર્ક અને ગૃહના અધ્યક્ષ મહામહિમ જગદેવ સિંહના આમંત્રણ પર, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ત્રિનિદાદ અને ટોબેગો [T&T] સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું. તેઓ ત્ર સંસદને સંબોધનારા ભારતના પ્રથમ પ્રધાનમંત્રી છે અને આ પ્રસંગ ભારત-ત્રિનિદાદ અને ટોબેગો દ્વિપક્ષીય સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ હતો. ગૃહને સંબોધતા પ્રધાનમંત્રીએ વિશ્વના સૌથી મોટા લોકશાહીનો સભ્યોને ખાસ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે T&Tના લોકોનો તેમને સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ભારતીય લોકશાહીની જીવંતતા વિશે વિગતવાર જણાવતા, તેમણે કહ્યું કે લોકશાહીની માતા તરીકે, ભારતે લોકશાહીને તેની સંસ્કૃતિ અને જીવનનો અભિન્ન ભાગ બનાવ્યો છે. તેમણે કહ્યું કે આ અભિગમથી ભારતની વિવિધતા ખીલી અને સમૃદ્ધ થઈ છે અને તમામ મંતવ્યો સહઅસ્તિત્વ ધરાવે છે અને સંસદીય ચર્ચા અને જાહેર ચર્ચાને સમૃદ્ધ બનાવે છે. પ્રધાનમંત્રીએ T&T ને તેની સફળ લોકશાહી યાત્રા પર અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે ભારતને ત્ર્ના લોકો સાથે સ્વતંત્રતાના માર્ગ પર એકતામાં ઉભા રહેવાનો લહાવો મળ્યો છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે આધુનિક રાષ્ટ્રો તરીકે ઉભરી આવતા બંને દેશો વચ્ચેના ઊંડા સંબંધો વધુ મજબૂત બન્યા છે. બંને લોકશાહી દેશો વચ્ચેના ગાઢ સંબંધો પર ભાર મૂકતા, જે ભારત દ્વારા ભેટમાં આપવામાં આવેલી સ્પીકરની ખુરશીમાં યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય છે. પ્રધાનમંત્રીએ દ્વિપક્ષીય સંસદીય આદાનપ્રદાનને વધુ વધારવા માટે હાકલ કરી. ગૃહમાં મહિલા સાંસદોની નોંધપાત્ર હાજરી પર ખુશી વ્યક્ત કરતા, તેમણે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% બેઠકો અનામત રાખવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક પગલા પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારતમાં પાયાના સ્તરે નેતૃત્વ કરતી મહિલા નેતાઓ વિશે પણ વિસ્તૃત વાત કરી અને આ સંદર્ભમાં, દેશમાં સ્થાનિક શાસન સંસ્થાઓને સશક્ત બનાવતી ૧.૫ મિલિયન ચૂંટાયેલી મહિલાઓનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ માનવતા સામેના પડકારો વિશે વિસ્તૃત વાત કરી. તેમણે વૈશ્વિક સમુદાયને આતંકવાદ સામેની લડાઈને મજબૂત બનાવવા હાકલ કરી, જે શાંતિપ્રિય સમાજો માટે ગંભીર ખતરો છે. તેમણે વૈશ્વિક શાસનમાં સુધારા અને વૈશ્વિક દક્ષિણને તેનો હક આપવા હાકલ કરી. તેમણે ભારત-કેરિકોમ સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ત્રિનિદાદમાં ભારતીયોના આગમનના ૧૮૦ વર્ષ નિમિત્તે ચાલી રહેલા ઉજવણીઓને યાદ કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો વર્ષો જૂના બંધનોના પાયા પર બંધાયેલા છે અને આ સંબંધો વધુ ઊંડા અને સમૃદ્ધ બનતા રહેશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્ર ના પુણે સ્થિત રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી ખાતે શ્રીમંત બાજીરાવ પેશ્વા ‘પ્રથમ’ની પ્રતિમાનું અનાવરણ કર્યું

આપણા દળો અને નેતૃત્વ સ્વરાજ જાળવવા માટે જરૂરી પગલાં લેશે, ઓપરેશન સિંદૂર તેનું ઉદાહરણ છે

અટક્યા વિના, થાક્યા વિના - જ્યાં પણ ગુલામીનું નિશાન હતું, શ્રીમંત બાજીરાવ પેશ્વાએ તેનો નાશ કરવાનું અને સ્વતંત્રતાનો દીવો પ્રગટાવવાનું શરૂ કર્યું

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના પુણેમાં શ્રીમંત બાજીરાવ પેશ્વા ’પ્રથમ’ ની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને શ્રી અજિત પવાર અને કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ વિકાસની સાથે સાથે વારસાનું સૂત્ર આપ્યું છે, જેના અંતર્ગત આપણા યુવાનો અને યોદ્ધાઓને આપણી હજારો વર્ષ જૂની સંસ્કૃતિમાં પ્રેરણાના સ્રોત, હજારો લોકો અને ઈતિહાસ ઉપલબ્ધ કરાવવા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે પુણેની ભૂમિ સ્વરાજની સંસ્કૃતિનું ઉદ્ગમ સ્થાન છે. શ્રી શાહે કહ્યું કે ૧૭મી સદીમાં સ્વરાજનો અવાજ અહીંથી ઉઠ્યો હતો અને જ્યારે અંગ્રેજો સામે સ્વરાજ માટે લડવાનો સમય આવ્યો ત્યારે લોકમાન્ય બાળ ગંગાધર તિલક મહારાજે સૌ પ્રથમ પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે વીર સાવરકરે મહારાષ્ટ્રની ભૂમિ પરથી એવું ઉદાહરણ રજૂ કર્યું કે વ્યક્તિ પોતાના જીવનમાં પોતાના દેશ માટે કેટલું બધું કરી શકે છે. શ્રી અમિત શાહે કહ્યું કે દેશભરમાં ઘણી જગ્યાએ પેશ્વા બાજીરાવજીની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે, પરંતુ તેમના સ્મારક બનાવવા માટે સૌથી યોગ્ય સ્થળ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી (NDA) પુણે છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં ભારતની ત્રણેય સેનાઓના શિલ્પીઓ અહીંથી તાલીમ લઈને બહાર આવશે. શ્રી શાહે કહ્યું કે આપણા ભાવિ સૈનિકો બાજીરાવ પેશ્વાજીની અહીં સ્થાપિત પ્રતિમામાંથી પ્રેરણા લઈને તેમના જીવનચરિત્રનો અભ્યાસ કરે છે અને ઘણા યુગો સુધી કોઈ પણ ભારતની સરહદોને સ્પર્શવાની હિંમત કરી શકતું નથી. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે યુદ્ધ કલાના કેટલાક નિયમો ક્યારેય સમાપ્ત થતા નથી અને તે અમર છે. તેમણે કહ્યું કે યુદ્ધમાં, ફક્ત યુદ્ધ રચના, ગતિ, સમર્પણ, દેશભક્તિ અને બલિદાનની ભાવના જ સેનાઓને વિજયી બનાવે છે. આ બધા ગુણોનું શ્રેષ્ઠ ઉદાહરણ ૫૦૦ વર્ષના ભારતીય ઈતિહાસમાં શ્રીમંત બાજીરાવ પેશ્વાજીમાં જ જોવા મળે છે. શ્રી શાહે કહ્યું કે બાજીરાવ પેશ્વાજીએ ૨૦ વર્ષમાં ૪૧ યુદ્ધો લડ્યા અને તે બધામાં જીત મેળવી. તેમણે કહ્યું કે બાજીરાવ પેશ્વાજી જેવા બહાદુર યોદ્ધાની પ્રતિમા સ્થાપિત કરવા માટે સૌથી યોગ્ય સ્થળ NDA એકેડમી હોઈ શકે છે, જેમણે તેમના જીવનભર ક્યારેય હારને પોતાની નજીક આવવા દીધી નહીં. શ્રી અમિત શાહે કહ્યું કે બાજીરાવ પેશ્વાજીએ તેમની કુશળતા, રણનીતિ અને બહાદુર સાથીઓની મદદથી ઘણા હારેલા યુદ્ધોને વિજયમાં ફેરવ્યા. તેમણે કહ્યું કે બાજીરાવ પેશ્વાજીએ બધે ગુલામીના ચિહ્નોનો નાશ કરવાનું અને ત્યાં સ્વતંત્રતાનો દીવો પ્રગટાવવાનું કામ કર્યું. શ્રી શાહે કહ્યું કે ૨૦ વર્ષના સમગ્ર સમયગાળામાં કોઈએ બાજીરાવ પેશ્વાજીને ઘોડા પરથી ઉતરતા જોયા નથી. તેમણે કહ્યું કે પેશ્વાજીએ શનિવારવાડાના નિર્માણ, પાણી વ્યવસ્થાપન અને અનેક દુષણો સામે લડ્યા હતા. ગૃહમંત્રીએ કહ્યું કે કેટલાક લોકો બાજીરાવ પેશ્વાજીને ઈશ્વર દત્ત સેનાપતિ, અજિંક્ય યોદ્ધા અને શિવશિષ્યોત્તમ બાજીરાવ પેશ્વા પણ કહે છે. બાજીરાવ પેશ્વાજીએ બધા યુદ્ધો પોતાના માટે નહીં પણ દેશ અને સ્વરાજ માટે લડ્યા હતા તેમણે કહ્યું કે બાજીરાવ પેશ્વાજીએ દરેક યુદ્ધ પોતાની માતૃભૂમિ, ધર્મ અને સ્વરાજ માટે લડ્યા અને એવો અમર ઈતિહાસ લખ્યો કે આવનારી ઘણી સદીઓ સુધી બીજું કોઈ લખી શકશે નહીં. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજજીએ તેમના ટૂંકા જીવનમાં હિંદવી સ્વરાજ સ્થાપિત કરવાનું કામ જ નહીં પરંતુ યુવાનોના મનમાં સ્વરાજના મૂલ્યો પણ રોપ્યા. તેમણે કહ્યું કે શિવાજી મહારાજ પછી ઘણા યોદ્ધાઓએ તેમની પરંપરાને આગળ ધપાવી અને સ્વરાજની જ્યોતને બુઝાવવા ન દીધી. શ્રી શાહે કહ્યું કે જો પેશ્વાઓએ શિવાજી મહારાજ દ્વારા શરૂ કરાયેલ સ્વતંત્રતા સંગ્રામને ૧૦૦ વર્ષ સુધી ચાલુ રાખ્યો ન હોત, તો આજે ભારતનું મૂળ સ્વરૂપ બચી શક્યું ન હોત.

શ્રી અમિત શાહે કહ્યું કે જ્યારે પણ જીવનમાં નિરાશા આવવા લાગે છે, ત્યારે બાલ શિવાજી મહારાજ અને શ્રીમંત બાજીરાવનો વિચાર મનમાં આવે છે અને નિરાશા દૂર થઈ જાય છે. તેમણે કહ્યું કે શિવાજી મહારાજની કલ્પનાના ભારતનું નિર્માણ કરવાની જવાબદારી ૧૪૦ કરોડ લોકો પર છે. જ્યારે પણ સ્વરાજ જાળવવાની જરૂર પડશે, ત્યારે આપણા દળો અને નેતૃત્વ ચોક્કસપણે આ કાર્ય કરશે અને ઓપરેશન સિંદૂર તેનું ઉદાહરણ છે. શ્રી શાહે કહ્યું કે સ્વરાજની સાથે, એક મહાન ભારતનું નિર્માણ પણ છત્રપતિનું સ્વપ્ન હતું કે એક એવું ભારત બનાવવામાં આવે જે સ્વતંત્રતાની શતાબ્દીના સમયે દરેક ક્ષેત્રમાં પ્રથમ હોય. તેમણે કહ્યું કે આપણા ઈતિહાસમાં શ્રીમંત બાજીરાવ પેશ્વા કરતાં વધુ સારી વ્યક્તિ કોઈ નથી જે આ જીવન લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સખત મહેનત, સમર્પણ અને બલિદાનને પ્રેરણા આપે.

યુવાનોની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા ડાક વિભાગ કરી રહ્યું છે પહેલ – પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

નાણાકીય સમાવેશન, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે ભારતીય ડાક વિભાગ – પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

કમલમ્,

ગુજરાતના અમદાવાદ શહેરમાં સમસા ફાઉન્ડેશન ધ્વારા આયોજિત ’સમૃદ્ધ ગુજરાત-૨૦૨૫’ મેગા પ્રદર્શન (૩ થી ૫ જુલાઈ ૨૦૨૫) માં ભારતીય ડાક વિભાગનો સ્ટોલ વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. એક તરફ, બાળકો ’માય સ્ટેમ્પ’ હેઠળ ડાક ટિકિટો પર પોતાના ચિત્રો જોઈને ખુશ છે, તો બીજી તરફ, તેઓ પોતાના પ્રિયજનોને પત્રો લખીને લેટર બોક્સમાં મુકતી વખતે ઘણી બધી સેલ્ફી લઈ રહ્યા છે. આમાંથી ઘણા બાળકોએ પહેલીવાર લેટર બોક્સમાં પત્રો મૂક્યા.

આ પ્રસંગે, ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ, શ્રી કૃષ્ણ કુમાર યાદવે ઉત્તમ પત્રો લખનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ભેટ આપીને સન્માનિત કર્યા, જ્યારે મેગા પ્રદર્શન દરમિયાન, તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતા ખોલનાર છોકરીઓને પાસબુક અને ભેટ આપીને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. અમદાવાદના નવરંગપુરા સ્થિત સરદાર પટેલ સેવા સમાજ ખાતે આયોજિત ’સમૃદ્ધ ગુજરાત-૨૦૨૫’ મેગા પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય મુલાકાતીઓને વિવિધ સરકારી યોજનાઓ, કાર્યક્રમો અને પહેલો વિશે માહિતી પૂરી પાડવાનો છે. ખાસ કરીને, આ પ્રદર્શન સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી, ટેકનોલોજીકલ અપગ્રેડેશન, ડિજિટલ કોમ્યુનિકેશન, કૌશલ્ય વિકાસ અને શિક્ષણ અને તાલીમ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં માહિતી પ્રસારિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ વિદ્યાર્થીઓના સર્જનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માટે અનેક પહેલ કરી રહ્યું છે. પોસ્ટ વિભાગના સ્ટોલ પર બાળકોની ભીડ તેમની સર્જનાત્મકતા તેમજ ટપાલ સેવાઓમાં તેમની જિજ્ઞાસા અને રુચિ દર્શાવે છે.

મેગા પ્રદર્શનમાં સ્થાપિત આ સ્ટોલ યુવાનોમાં પત્ર લેખન, ડાક ટિકિટ સંગ્રહ અને તેમના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રશંસનીય પ્રયાસ છે, જે જ્ઞાન અને સાહિત્યના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે લોકો સાથે વાતચીત કરી અને તેમને ડાક સેવાઓમાં થઈ રહેલા ફેરફારોથી માહિતગાર કર્યા. સોશિયલ મીડિયાના યુગમાં પત્રોની ભાવનાત્મક ભૂમિકા પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે ડાક વિભાગ હવે ફક્ત પત્રો પૂરતો મર્યાદિત નથી રહ્યું, પરંતુ નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

બચત બેંક, પોસ્ટલ જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, ડાક નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જાહેર લક્ષી કાર્યો પોસ્ટ ઓફિસોમાં કરવામાં આવી રહ્યા છે. ’ડાકિયા ડાક લાયા’ થી ’ડાકિયા બેંક લાયા’ સુધીની સફરમાં ડાક સેવાઓએ ઘણા નવા પરિમાણો બનાવ્યા છે. ડાક નિર્યાત કેન્દ્રો દ્વારા ODOP, GI, MSME ના ઉત્પાદનો વિદેશમાં પહોંચી રહ્યા છે અને ‘વોકલ ફોર લોકલ’ અને ’આત્મનિર્ભર ભારત’ ની કલ્પનાને મજબૂત બનાવી રહ્યા છે. અમદાવાદ સિટી મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતાએ જણાવ્યું કે ડાક વિભાગના સ્ટોલ પર નાગરિકો માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

આ સેવાઓમાં પાર્સલ અને સ્પીડપોસ્ટ બુકિંગ, આધાર નોંધણી અને સુધારણા, ડાક જીવન વીમા, માય સ્ટેમ્પ, ગંગાજળ, ડાક ટિકિટ તથા ફિલેટેલી સંબંધિત વસ્તુઓની વેચાણ જેવી સેવાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, નાણાકીય સમાવેશનના ભાગરૂપે વિવિધ પ્રકારના ખાતાઓ ડિજિટલ રીતે ખોલવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ સ્ટોલ ડાક વિભાગની નાગરિક કેન્દ્રિત સેવાઓનું પ્રતિબિંબ છે, જે આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સતત વિસ્તરતી રહી છે. આ અવસરે પ્રવર ડાક અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, ડાક ઉપઅધિક્ષક શ્રી એસ.કે. વર્મા, સહાયક ડાક અધિક્ષક શ્રી વિશાલ ચૌહાણ, શ્રી હાર્દિક રાઠોડ, શ્રી રમેશ પરમાર, શ્રી હિતેશ પરીખ, શ્રી અલ્કેશ પરમાર, શ્રી રોનક શાહ, શ્રી ભાવીન પ્રજાપતિ તથા સમસા ફાઉન્ડેશનના પ્રોજેક્ટ મેનેજર શ્રી દીપક સિંહ ઉપરાંત વિવિધ શાળાઓના પ્રિન્સિપાલશ્રી અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

કમલમ્, બીના પટેલ

બાકરોલ સ્થિત Karkoe Club Bakrol દ્વારા આયોજીત KCB Familys Ma®ahon Wprld Record For Nonstop Singing of 145 Hours ના શુભારંભ પ્રસંગે સંસદ શ્રી મિતેષભાઇ પટેલ, પ્રસિધ્ધ ગાયક કલાકાર શ્રી પ્રસિબેન મહેતા, જિલ્લા મંત્રી શ્રી હિનાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા

એસપીબી ઈંગલિશ મીડીયમ કૉલેજ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થી માટે ઓરીયેન્ટેશન પ્રોગ્રામનું આયોજન

કમલમ્,

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઓફ કોમર્સે તા. ૦૨-૦૭-૨૦૨૫ના રોજ પ્રથમ વર્ષ બીકોમના વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન પ્રોગ્રામ સાથે ઉષ્માભર્યું સ્વાગત કર્યું. જેમાં કૉલેજના સ્ટાફ સભ્યોએ પોતાનો પરિચય આપ્યો અને કોલેજના મિશન, વિઝન, નિયમોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. આ ઉપરાંત વિદ્યાર્થીઓને શૈક્ષણિક માળખા અને પરીક્ષાપેટર્નથી પણ પરિચિત કરવામાં આવ્યા, જેનાથી કોલેજ જીવનમાં સરળ સંક્રમણ સુનિશ્ચિત થયું. વધુમાં, વિદ્યાર્થીઓને કૉલેજમાં ઉપલબ્ધ વિવિધ પ્રવૃત્તિઓ અને તકો વિશે માહિતી આપવામાં આવી, જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, NCC (નેશનલ કેડેટ કોપ્સ), NSS (નેશનલ સર્વિસ સ્કીમ), પ્લેસમેન્ટ પ્રવૃત્તિઓ, યુવક મહોત્સવ અને રમતગમત કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ, નેતૃત્વ કૌશલ્ય, સામાજિક જવાબદારી અને કારકિર્દી વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા તેમજ ઊછ્ઞ કો-ઓર્ડીનેટર ડૉ. સવિતા સોંધીના સફળ માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈ.એલ.આઈ સ્કિમથી ટકાઉ રોજગારને પ્રોત્સાહન મળશે: એડિશનલ સેન્ટ્રલ પી.એફ. કમિશ્નર

રોજગારીને પ્રોત્સાહન આપતી યોજના વિશે જાણકારી આપવા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની દૂરદર્શિતાને આગળ ધપાવતી રોજગાર નિર્માણ, રોજગારક્ષમતા વધારતી કેન્દ્રિય યોજના રોજગાર સંબંધિત પ્રોત્સાહન (ઈએલઆઈ) વિશે જનજાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદના આશ્રમ રોડ સ્થિત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ના કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજગાર સંબંધિત પ્રોત્સાહન યોજના (ઈ.એલ.આઈ સ્કિમ) વિશે જાણકારી આપતા એડિશનલ સેન્ટ્રલ પી.એફ. કમિશ્નર શ્રી સુદિપ્તા ઘોષે જણાવ્યું હતું કે આ રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાનું ધ્યાન પહેલી વાર કામ કરતા કર્મચારીઓ પર છે. જેનો ઉદ્દેશ્ય ટકાઉ રોજગાર આપવા પર છે. આ યોજનાનો સમયગાળો ૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૧ જુલાઈ ૨૦૨૭ સુધીનો છે. ઉત્પાદન ક્ષેત્ર માટે ત્રીજા અને ચોથા વર્ષના લાભોની પણ જોગવાઈ છે. આ યોજનાની નોંધણી ૦૧ જુલાઈ ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. આ યોજનાનું માળખું બે પ્રકારનું છે

ભાગ A : પહેલી વાર નોકરી કરતા કર્મચારીઓ માટે: આ ભાગ EPFO સાથે નોંધાયેલા પહેલી વારના કર્મચારીઓને બે હપ્તામાં ૧૫,૦૦૦ રૂપિયા સુધીનો એક મહિનાના EPF પગાર ઓફર કરશે. ૧ લાખ રૂપિયા સુધીનો પગાર ધરાવતા કર્મચારીઓ પાત્ર રહેશે. પહેલો હપ્તો ૬ મહિનાની સેવા પછી ચૂકવવાપાત્ર રહેશે અને બીજો હપ્તો ૧૨ મહિનાની સેવા અને કર્મચારી દ્વારા નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ પૂર્ણ થયા પછી ચૂકવવાપાત્ર રહેશે. આનાથી લગભગ ૧.૯૨ કરોડ પહેલી વાર કામ કરતા કર્મચારીઓને ફાયદો થશે.

ભાગ B : નોકરીદાતાઓ માટે: આ ભાગમાં તમામ ક્ષેત્રોમાં વધારાની રોજગારીનું સર્જન કરવામાં આવશે, જેમાં નોકરીદાતાઓને ૧ લાખ રૂપિયા સુધીના પગારવાળા કર્મચારીઓના સંદર્ભમાં પ્રોત્સાહનો મળશે. સરકાર ઓછામાં ઓછા ૬ મહિના સુધી સતત રોજગાર ધરાવતા દરેક વધારાના કર્મચારી માટે નોકરીદાતાઓને ૨ વર્ષ માટે દર મહિને ૩૦૦૦ રૂપિયા સુધી પ્રોત્સાહન આપશે. ઉત્પાદન ક્ષેત્ર માટે, પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ સુધી પણ લંબાવવામાં આવશે. EPFO સાથે નોંધાયેલી સંસ્થાઓએ ઓછામાં ઓછા ૬ મહિના માટે સતત ધોરણે ઓછામાં ઓછા ૨ વધારાના કર્મચારીઓ (૫૦થી ઓછા કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) અથવા ૫ વધારાના કર્મચારીઓ (૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) રાખવા પડશે.

પ્રોત્સાહન ચૂકવણી પદ્ધતિ: યોજનાના ભાગ છે હેઠળ પ્રથમ વખત કામ કરતા કર્મચારીઓને તમામ ચૂકવણીઓ આધાર બ્રિજ પેમેન્ટ સિસ્ટમ (ABPS) નો ઉપયોગ કરીને DBT (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) મોડ દ્વારા કરવામાં આવશે. ભાગ B હેઠળ નોકરીદાતાઓને ચૂકવણી સીધી તેમના PAN-લિંક્ડ એકાઉન્ટ્સમાં કરવામાં આવશે.

એસપીબી ઈંગ્લિશ મીડીયમ કૉલેજની વિદ્યાર્થીનીને શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ મળ્યા ચાર મેડલ

કમલમ્,

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મીડિયમ કોલેજ ઑફ કોમર્સની તૃતીય વર્ષ બી.કોમ.ની વિદ્યાર્થીની કાપડિયા ઈશા શૈલેષભાઈ એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની માર્ચ ૨૦૨૫માં યોજાયેલી બી.કોમ. પરીક્ષામાં ઉત્તમ સિદ્ધિ હાંસલ કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. ઈશાએ કુલ ચાર શૈક્ષણિક મેડલ પ્રાપ્ત કર્યા છે, જે તેમની મહેનત, પ્રતિભા અને એકાગ્રતાનું પ્રતિબિંબ છે.

જેમાં "માંગલ્ય મેડલ" તેમને સમગ્ર બી.કોમ. અભ્યાસક્રમ દરમિયાન સૌથી વધુ કુલ ગ્રેડ પોઈન્ટ એવરેજ (CGPA) મેળવવા બદલ એનાયત થયો છે, "શ્રી અશ્વિન મહેતા પુરસ્કાર" જે બી.કોમ. ડિગ્રીમાં સર્વોચ્ચ CGPA મેળવવા બદલ આપવામાં આવ્યો છે, "પ્રિ. એ.સી. ચોકસી મેડલ" તેમને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઓડિટિંગ વિષય પસંદ કરનારા વિદ્યાર્થીઓમાં સૌથી વધુ CGPA મેળવવા બદલ એનાયત થયો છે અને "સ્વ. રતિ અને સ્વ. નોશીરવાન કરંજિયા ગોલ્ડ મેડલ" પણ ઈશાએ પ્રાપ્ત કર્યો છે, જે પાંચમા અને છઠ્ઠા સેમેસ્ટરની પરીક્ષામાં મહિલાઓમાં એકાઉન્ટન્સી વિષયમાં સૌથી વધુ ઊંચ્ચ ધરાવતી મહિલા ઉમેદવારને આપવામાં આવે છે. ઈશાની આ સિદ્ધિઓ બદલ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા તેમજ સમગ્ર એસપીબી કૉલેજ પરિવાર તરફથી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને ભવિષ્યમાં વધુ સફળતા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે. તેમના દ્વારા પ્રાપ્ત આ સિદ્ધિઓ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ સાબિત થાય તેવી આશા છે.

ગ્રામીણ વિસ્તારોમાં ગામની સ્વચ્છતા માટે વ્યક્તિ દીઠ માસિક રૂ.૪ની ફાળવણી વધારીને બે ગણી રૂ.૮ કરવામાં આવશે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્યની ગ્રામ પંચાયતોના નવા ચૂંટાયેલા સરપંચશ્રીઓ અને સદસ્યોનું અદકેરુ અભિવાદન

::મુખ્યમંત્રીશ્રી::

- ★ રાજ્યના દરેક ગામ વચ્ચે સફાઈ-સ્વચ્છતાની હરીફાઈ થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ બનાવવા આહવાન.
- ★ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૧ વર્ષના સુશાસનમાં ગ્રામીણ-અર્થતંત્ર અને માળખાકીય વિકાસ સુવિધાઓને નવી ગતિ મળી છે.
- ★ રાજ્ય સરકાર અને ગામ સાથે મળીને ગ્રામ વિકાસ કાર્યોનું પરસ્પર સહયોગથી આયોજન કરે છે.
- ★ "આપણું ગામ આપણું ગૌરવ"ના મંત્ર સાથે સરપંચો ગામના વિકાસ કામોના પિલ્લર બને

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્ર પટેલે રાજ્યના ગામોમાં ઊડીને આંખે વળગે એવી સ્વચ્છતા-સફાઈ રાખવાનું પ્રેરક આહવાન નવા ચૂંટાયેલા સરપંચો અને ગ્રામ પંચાયત સદસ્યોને કર્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ એક મહત્વપૂર્ણ નિર્ણયનીજાહેરાત કરતા કહ્યું કે, સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સંકલ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામ-નગર-શહેરો દરેક સ્થળને સાફ-સુઘડ રાખવાનુંજન આંદોલનચલાવ્યુંછે. રાજ્ય સરકાર દરેક ગામની આવી સ્વચ્છતા-સફાઈ માટે દર મહિને વ્યક્તિ દીઠ ૪ રૂપિયાની ફાળવણી કરેછે. હવે,આ રકમબમણી કરીને વ્યક્તિ દિઠ માસિક ૮ રૂપિયા અપાશે. આના પરિણામે ગામોમાં સ્વચ્છતા-સફાઈને વધુવેગ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવા ચૂંટાયેલા સરપંચોનેગ્રામસફાઈ પ્રતે પ્રોત્સાહિતકરતાંઉમેર્યુંકે, રાજ્યના દરેક ગામવચ્ચે સફાઈ-સ્વચ્છતાની સ્પર્ધા થાય તેવું પ્રેરક વાતાવરણ આપણે બનાવવુંછે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં રાજ્યના પંચાયતઅને ગ્રામવિકાસ વિભાગ દ્વારા આયોજીત અભિવાદન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્વાચિત સરપંચો-સભ્યોનું સન્માન કર્યું હતું. કેન્દ્ર જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિતથા મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ નવા ચૂંટાયેલા સરપંચો અને સદસ્યોએ લોકોનો વિશ્વાસ અને ભરોસો મેળવીને વિજય પ્રાપ્ત કર્યો છે તેની ભૂમિકા આપતા સ્પષ્ટ પણે જણાવ્યું કે કહ્યું કે, 'આપણું ગામઆપણું ગૌરવ'ના મંત્ર સાથે તમારે સૌએ ગામના વિકાસકામોના પિલ્લર બનવાનું છે. તેમણે ઉમેર્યુંકે, ગ્રામ સ્વરાજ્ય માટે આત્મનિર્ભરતાની નવી દિશા વિકાસની રાજનીતિથી આપીને વડાપ્રધાનશ્રીએ સરપંચોના હાથમાં ગામના સામુહિક વિકાસની સત્તા સોંપી છે. એટલું જ નહીં, ચૂંટણીઓમાં સમરસતાનો નવો વિચાર પણ તેમણે ગુજરાતમાં આપેલો છે. આ વિચારને અનુસરતા આ વખતની ગ્રામ પંચાયત ચૂંટણીઓમાં રેકર્ડ બ્રેક ૭૬૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે તેનું મુખ્યમંત્રીશ્રીએ ગૌરવ કર્યું હતું. આવી સમસ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે કુલ ૩૫ કરોડ રૂપિયા ડી.બી.ટી.થીફાળવવા સાથે સમગ્રતયા રૂ.૧૨૩૬ કરોડની રકમ વિવિધવિકાસ કામોની ગ્રાન્ટ તરીકે ફાળવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૧ વર્ષના સુશાસનકાળમાં ગ્રામીણ, અર્થતંત્રઅને માળખાકીય વિકાસ સુવિધાઓને નવી ગતિ મળી છે. દેશમાં અંદાજે ૪ કરોડ ગ્રામીણ ગરીબોને આવાસ, એક દશકમાં ૨ લાખથી વધુ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ અને સાડા પાંચ લાખ જેટલા કોમન સર્વિસ સેન્ટર્સ ગ્રામીણનાગરિકોને સરકારી સેવાના લાભ પહોંચાડવા કાર્યરત થયાછે તેમપણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુંકે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકારો અને ગામ સાથે મળીને વિકાસ કાર્યોનું પરસ્પરસંયોગથીઆયોજન કરે છે. તેમણે વિકસિત ભારત જ ૨૦૪૭નોવડાપ્રધાનશ્રીનો સંકલ્પ સાકાર કરવા વિકસિત ગામથી વિકસિત ગુજરાતના નિર્માણમાં સરપંચોની ભૂમિકામહત્વની બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

કેન્દ્રીય મંત્રી શ્રી સી આર. પાટીલ

નવનિયુક્ત સરપંચશ્રીઅને સદસ્યશ્રીઓને અભિનંદન પાઠવતા કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે જણાવ્યુંહતું કે, ગ્રામજનોએ તેમના ગામના વિકાસની સંપૂર્ણ જવાબદારી નવનિયુક્ત સરપંચઅને સદસ્યોને સોંપી છે. ગામનો સર્વાંગી વિકાસ, લોકશાહી કાર્યપ્રણાલીનું સંરક્ષણ અને વિકસિત ગુજરાતના નિર્માણમાં ગામનું મહત્વપૂર્ણ યોગદાનએ દરેક સરપંચની નૈતિક ફરજ છે. સરપંચને ગામનો મુખ્યમંત્રી ગણાવતા કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, જેમ રાજ્યની સંપૂર્ણ જવાબદારી મુખ્યમંત્રીની હોય છે, તેવીજ રીતે એક ગામને સમૃદ્ધ બનાવવાની સંપૂર્ણ જવાબદારી સરપંચની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ પંચાયતોને વધારે સત્તા અને ગ્રાન્ટ આપીને પંચાયતીરાજને વધુ મજબૂત બનાવ્યું છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ગામમાં સ્વચ્છતા, જલ જીવન મિશન અને જળસંચય અભિયાનને વેગ આપવાપર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાનેતૃત્વમાં દેશના૬૦ કરોડ નાગરિકો શૌચાલયનો ઉપયોગ કરતા થયા છે. આ ઉપરાંત જલ જીવન મિશન હેઠળ દેશના ૧૫.૬૫કરોડથી વધુઘરમાં નળથી જળ પહોંચાડવામાં આવ્યું છે, જ્યારે વર્ષ ૨૦૨૮ સુધીમાં અન્ય ૪ કરોડ ઘરોમાંપાણી પહોંચાડવાનું આયોજન કરવામાંઆવ્યું છે. કેચ ધ રેઈન અભિયાનને પ્રાધાન્ય આપવાઅનુરોધ કરતાતેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ જળસંચય અભિયાનને જનઆંદોલન બનાવવા આહ્વાન કર્યું હતું. જેના પરિણામે માત્ર ૮ કલાકના સમયગાળામાં જ જળસંચય માટે ૩૨ લાખથી વધુ સ્ટ્રકચરો તૈયાર કરવામાં આવ્યાછે. જનભાગીદારી થકી જળસંચય અભિયાનને વેગ આપવા દરેક ગામમાં જળસંચયના કામો હાથ ધરવા માટે કેન્દ્રીય મંત્રીશ્રીએ નવનિયુક્ત સરપંચશ્રીઓને અનુરોધ કર્યોહતો. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પ 'સુવિધા શહેરની આત્મા ગામડાનો'ને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં ગુજરાતને દરેક ક્ષેત્રમાં અગ્રેસર બનાવવા સતત પ્રયત્નશીલ છે. ગ્રામ વિકાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છતા અભિયાન, મનરેગા, ઈ- ગ્રામ વિશ્વ ગ્રામ, જેવી અનેકવિધ લોકકલ્યાણકરી યોજનાઓના સફળ અમલીકારણથી રાજ્યના ગામડાઓ સુવિધાસભર બન્યા છે. સમરસ થયેલી ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને તેમજ વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને મહાનુભવોના હસ્તે પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિતકરવામાંઆવ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ પદાધિકારીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણે, વિકાસ કમિશનર શ્રી હિતેશ કોયા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજમોટી સંખ્યામાંનવાચૂંટાયેલા સરપંચશ્રીઓ- સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. ગૌતમ ગોપાલ દુઆ દ્વારા દ્વિતીય પીએચ.ડી.ની સફળતાપૂર્વક પૂર્ણતા

કમલમ્,સુરત

અગરવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કોલેજના એસોસિએટપ્રોફેસર અને ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ગૌતમ ગોપાલ દુઆએ પોતાની દ્વિતીય પીએચ.ડી. સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે "AStudy on the Behavioural Intentions of Business Owners Towards Commercial Electric Vehicles in Su®a City" વિષય પર સંશોધન કાર્ય કર્યું છે. આ પીએચ.ડી. દરમ્યાન તેમને માર્ગદર્શન પ્રિન્સિપાલ ડૉ. આશિષ દેસાઈ તરફથી પ્રાપ્ત થયું હતું. ડૉ. દુઆ અગાઉ પણ વ્યવસ્થાપન ક્ષેત્રમાં પીએચ.ડી. મેળવી ચૂક્યાછે. હવે બીજી પીએચ.ડી. મેળવી તેમણે શૈક્ષણિક ક્ષેત્રે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. સંશોધન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને એકાગ્રતાને કારણે તેઓ યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. આ સિદ્ધિ નિમિત્તે અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કોલેજના ચીફ એડવાઈઝર ડૉ. યુ.ટી. દેસાઈ, ટ્રસ્ટના પ્રમુખ શ્રી સંજય સરાવગી તથા સમગ્ર કોલેજ પરિવારે ડૉ. દુઆને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને તેમની ભવિષ્યની શૈક્ષણિક યાત્રા માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.

તાપી કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં ધરતી આબા જનજાતિય ગામ ઉત્કર્ષ અભિયાન સંદર્ભે પત્રકાર પરિષદ યોજાઇ

છેવાડાના લોકો સુધી સો ટકા સરકારી સેવાઓ પહોંચાડવાનો અમારો દૃઢ સંકલ્પ: તાપી કલેક્ટર ડો. ગર્ગ

છેલ્લા ચાર દિવસમાં ૧૨,૬૪૨ નાગરિકોએ કેમ્પમાં ભાગ લીધો: ૮૩૦ આધાર કાર્ડ, ૫૦૦ આયુષ્માન કાર્ડ, ૪૪૭ પીએમ કિસાન સન્માન નિધિ અને ૨૯૩ રેશનકાર્ડ કાઢી આપવામાં આવ્યા

હજુ આવતા ૧૦ દિવસ સુધી કાર્યરત આ અભિયાનનો વધુમાં વધુ લોકો લાભ લેવા વહીવટી તંત્રનો અનુરોધ

કમલમ્,રાકેશ વાળા

ભારત સરકારતથા ગુજરાત સરકાર દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને વેગવંતો બનાવવા તાપી જિલ્લામાં ૩૦ જૂનથી ૧૫ જુલાઈ ૨૦૨૫ દરમિયાન 'ધરતી આબા જનજાતિય ગ્રામઉત્કર્ષ અભિયાન' હાલ કાર્યરત છે. આ અભિયાન હેઠળ ૩૬૯ ગામોમાં આશરે ૫.૨૦ લાખ આદિવાસી નાગરિકોને સરકારશ્રીની ૨૫ થી વધુ વ્યક્તિલક્ષી યોજનાઓ અને માળખાગત સુવિધાઓના લાભોથી લાભાન્વિત કરવાની કામગીરી ચાલીરહી છે. તાપીજિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગના અધ્યક્ષ સ્થાને એક મહત્વની પત્રકાર પરિષદ યોજાઈ હતી.જેમાં કલેક્ટરશ્રીએ પત્રકારમિત્રોને ધરતી આબા જનભાગીદારી અભિયાન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે તાપી જિલ્લામાં ગત ૩૦ જૂનથી વિવિધ ગામોમાં ધરતી આબા જનભાગીદારીઅભિયાન યોજાઈ રહ્યા છે. જેમાં ગત ૩૦ જૂનથી ૩ જુલાઈ એટલેકે ૪દિવસમાં જન-જાગૃતિઅને લાભ વિતરણ કેમ્પમાં અંદાજિત ૧૨,૬૪૨ જેટલા નાગરિકોએ ભાગ લીધો છે.જેમાં કુલ ૪,૯૬૭ લોકોને વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે. વિગતવાર માહિતી આપતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે ગત ૪ દિવસમાં ૭ તાલુકાના વિવિધ ગામોમાં યોજાયેલ જનભાગીદારી કેમ્પ દ્વારા આધાર કાર્ડના ૮૩૦,આયુષ્માન કાર્ડ ૫૦૦,પીએમ-કિસાન સન્માન નિધિ ૪૪૭, રેશન કાર્ડ ૨૯૩,મનરેગા ૪૪૮,જાતિ પ્રમાણપત્ર-૮૮,પેન્શન યોજના ૪૪,પીએમ સુરક્ષાબિમાયોજના-૫૫,જનધન ખાતા-૩૧,સિકલ સેલ ટેસ્ટિંગ-૨,૨૦૪,પીએમ ઉજ્જવલા યોજના-૨૭ આમ અંદાજિત કુલ ૪,૯૬૭ લાભાર્થીઓને વિવિધ લાભો આપવામાં આવ્યા છે. વધુમાં આ અભિયાન હેઠળ આગામી ૧૦ દિવસ સુધી યોજનાર કેમ્પ્સમાં વધુમાં વધુ વંચિત લાભાર્થીઓને આવરી લઈ લાભ આપવામાં આવશે. આ કામગીરીઅસરકારક રીતે થાય તે માટે સમયાંતરે સમીક્ષા તથા મુલાકાત લઈ જરૂરી સુચનો પણ આપવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે પીએમ જનમન અભિયાન અંતર્ગત જિલ્લાનાં આદિમજુથનાં વંચિત લાભાર્થીઓની ચોક્કસ માહિતી મળી રહે તે માટે ૩૦,૦૦૦જેટલા નબળા આદિજાતિ સમુદાયના લોકોનાં રીસર્વે કરી વંચિત રહેલ લાભાર્થીઓને ૧૦૦% સેચ્યુરેટની કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાન એ માત્ર લાભ વિતરણ પૂરતું નહીં, પણ સમાજના અંતિમ માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાનો દૃઢ સંકલ્પ છે. કોઈ પણ આદિવાસી પરિવાર લાભથી વંચિત ના રહે તે માટે જિલ્લા વહિવટી તંત્ર વિશેષ ધ્યાન આપીને કામગીરી કરી રહ્યું છે. આ તકે પ્રાયોજના વહીવટદાર શ્રી જયંતસિંહ રાઠોડે ધરતી આબા જનભાગીદારી અભિયાનનો વધુમાંવધુ પ્રચારપ્રસાર થાય તે માટે પત્રકાર મિત્રોને અનુરોધ કરતા જણાવ્યું હતું કે, તાપી જિલ્લામાં ૧૫જુલાઈ સુધીયોજાનાર કેમ્પમાં વધુમાં વધુ આદિજાતિ લાભાર્થીઓ ભાગ લે સરકારી યોજનાઓનો લાભ મેળવે અને આ અભિયાન સફળ બને તે માટેબહોળી પ્રસિદ્ધિ કરી સહકાર આપવા અપિલ કરવામાં આવી હતી. લોકો ૧૫ જુલાઈ સુધી યોજાનાર કેમ્પોમાં હાજરી આપી સરકારી યોજનાઓનો લાભ મેળવી આ અભિયાનને સફળ બનાવે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. આજની પત્રકારપરિષદમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી આર. આર. બોરડ, સહાયક માહિતી નિયામક સુમિત ગોહિલ સહીત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

શ્રી વટેશ્વર મહાદેવ મંદિર, દેથળી ખાતે વિસ્તરણ અધિકારી તરીકેની ફરજ બજાવતા શ્રી ગણેશજી ઉમેદજી રાજપુતના "નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ"માં કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી શ્રી ગણેશજી ઉમેદજી રાજપુતના નોકરી પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા તથા સમર્પિત સેવાઓને બિરદાવી તેમજ એમને આગામી નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ આપી. આ પ્રસંગે શ્રી મકવાણાજી, ભાવનાબા રાણા, શ્રી શંભુભાઈ દેસાઈ, દિલીપસિંહ ઠાકોર, શ્રીમતી ભાનુમતિબેન મકવાણા, શ્રી જગદીશભાઈ, શ્રી અભુજી ઠાકોર, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શ્રી શૈલેષભાઈ, શ્રી ભરતસિંહ, શ્રી વિક્રમસિંહ, તમામ વિસ્તરણ અધિકારી, ગ્રામ સેવકો, તેમના પરિવારના સભ્યો તેમજ સ્નેહીજનો, તાલુકા પંચાયતના સ્ટાફ મિત્રો, તમામ ગામના સરપંચશ્રીઓ, તેમજ તાલુકાના ડેલીગેટશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના પુણેમાં શ્રી પૂના ગુજરાતી બંધુ સમાજ દ્વારા બનાવવામાં આવેલ "જયરાજ સ્પોર્ટ્સ એન્ડ કન્વેન્શન સેન્ટર" નું ઉદ્ઘાટન કર્યું

પુણેએ જ્ઞાન, તપસ્યા, રાષ્ટ્રવાદ, સામાજિક ચેતના અને સ્વતંત્રતા સંગ્રામમાં સમગ્ર દેશનું નેતૃત્વ કર્યું છે

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશ વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યો છે અને ૨૦૪૭માં વિકસિત ભારતની રચના માટે પાયો નાખવામાં આવી રહ્યો છે
- શ્રી પૂના ગુજરાતી બંધુ સમાજ ૧૯૧૩ થી પુણેમાં સમાજ સાથે સતત એકતાપૂર્વક કાર્ય કરી રહ્યું છે
- છેલ્લા ૧૧ વર્ષમાં, મોદીજીએ દેશની ઘણી સમસ્યાઓનું નિરાકરણ કર્યું છે
- છેલ્લા ૧૧ વર્ષમાં, પ્રધાનમંત્રી મોદીજીએ ઉત્તરપૂર્વમાં આતંકવાદ, નક્સલવાદ અને હિંસાને લગભગ નાબૂદ કરી દીધી છે
- ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, સમગ્ર દેશમાંથી ચાર દાયકા જૂની નક્સલવાદની સમસ્યા સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે
- ભારત ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરશે અને ભારત મેડલ ટેલીમાં ટોચના ૧૦ દેશોમાં પણ સામેલ થશે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રીઅમિત શાહે મહારાષ્ટ્રના પુણેમાં શ્રી પૂના ગુજરાતી બંધુ સમાજ દ્વારા બનાવવામાં આવેલા "જયરાજ સ્પોર્ટ્સ એન્ડ કન્વેન્શન સેન્ટર"નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને શ્રી અજિત પવાર અને કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા. હતા. પોતાના સંબોધનમાં, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સમગ્ર દેશના ગુજરાતી સમુદાયની સૌથી સુંદર ઈમારત પૂના ગુજરાતી સમાજ દ્વારા બનાવવામાં આવનાર છે. તેમણે કહ્યું કે જ્યારે શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા, ત્યારે તેમણે તમામ ગુજરાતી સમુદાયની ઈમારતો માટે ૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપી હતી. તેમણે કહ્યું કે પૂના ગુજરાતી બંધુ સમાજ છેલ્લા ૧૩ વર્ષથી પોતાને સંગઠિત કરી રહ્યો છે અને કોઈપણ વિવાદ વિના તેની શક્તિ અનુસાર તેના નિર્માણમાં યોગદાન આપ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે પુણેના આપવિત્રશહેરે જ્ઞાન, તપસ્યા, રાષ્ટ્રવાદ, સામાજિક ચેતના અને સ્વતંત્રતા સંગ્રામમાં સમગ્ર દેશનું નેતૃત્વ કર્યું છે. તેમણે કહ્યું કે મુઘલો સામે શિવાજી મહારાજથી શરૂ કરીને, પેશ્વાઓની પરંપરા આ શહેરથી શરૂ થઈ અને દેશને હિન્દુ સામ્રાજ્ય આપવાનું કામ કર્યું. તેમણે કહ્યું કે અંગ્રેજો સામેના યુદ્ધ દરમિયાન, તિલક મહારાજ અહીંથી ગર્જના કરી અને સ્વરાજ મેરા જન્મસિદ્ધઅધિકાર છે અને અંગ્રેજો વાપસ જાઓ જેવા નારા આપ્યા અને ગોરીજ વારમાં, તિલક મહારાજનું આ વાક્ય દેશભરના યુવાનો માટે જીવનમંત્ર બની ગયું. આ પછી, દેશમાં

ગુજરાતીઓ દુનિયામાં જ્યાં પણ ગયા છે, તેમણે ગુજરાતનું નામ ઉંચુ કર્યું છે અને ગુજરાતી સમુદાય ક્યાંય પણ કોઈપણ પ્રકારના વિવાદમાં ફસાયો નથી

સ્વતંત્રતા ચળવળ ઝડપી ગતિએ આગળ વધી અને અંતે મહાત્મા ગાંધીના નેતૃત્વમાં દેશ આઝાદ થયો. શ્રી શાહે કહ્યું કે આ પવિત્ર શહેરે તેના વેદ, ઉપનિષદ, ઈતિહાસ, સાહિત્ય અને કલાને સાચવવા અને પ્રોત્સાહન આપવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે બીજી તરફ, મહારાષ્ટ્રના આપવિત્રશહેરે સામાજિક પરિવર્તનની ગતિને પણ આગળ ધપાવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે આ પવિત્ર ભૂમિ પર લગભગ ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૨.૫ લાખ ચોરસ ફૂટ જગ્યા પર આધુનિક બાંધકામ સાથે સમગ્ર સમાજ માટે આ સુવિધા ઉભી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જ્યારે સમાજનું નેતૃત્વ એકતામાંકામ કરે છે, ત્યારે જ પાછલી પેઢીઓ દ્વારા કરવામાં આવેલા કાર્યને આગળ ધપાવતું નેતૃત્વ બહાર આવે છે. શ્રી અમિત શાહે કહ્યું કે શ્રી પૂના ગુજરાતી બંધુ સમાજ ૧૯૧૩ થી સતત ૧૧૨ વર્ષથી પુણેમાં સમાજ સાથે એકતામાંકામ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ ગુજરાતી વ્યક્તિ કોઈપણ રાજ્યમાં જાય છે, ત્યારે તે ત્યાં સંઘર્ષ કરતો નથી પરંતુ રાજ્યને આગળ વધારવા માટે તે સમાજનો ભાગ બને છે. તેમણે કહ્યું કે ગુજરાતીઓ વિશ્વમાં જ્યાં પણ ગયા છે, તેમણે ગુજરાતીસમાજ ક્યાંય પણ કોઈપણ પ્રકારના વિવાદમાં ફસાયો નથી. તેમણે કહ્યું કે આ કારણોસર, ૧૯૧૩ થી ૨૦૨૫ સુધીની ૧૧૩ વર્ષની આ સમાજની આ અનોખી સફર આ અનોખીઈમારત સુધી પહોંચી શકી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે ૨૦૧૪ સુધી દેશમાં લગભગ ૨૦ હજાર ગામડાં એવા હતા જ્યાં વીજળીના થાંભલા નહોતા. ૨૦૧૪માં પ્રધાનમંત્રી મોદીએ પહેલા ૨૦ હજાર ગામડાંઓને વીજળી પહોંચાડવાનું કામપૂર્ણ કર્યું છે. તેમણે કહ્યું કે દેશમાં ૧૫ કરોડ ઘર એવા હતા જ્યાં શૌચાલય નહોતા, આજે દેશમાં એક પણ ઘર એવું નહીં હોય જ્યાં શૌચાલય ન હોય. આજે મોદી સરકાર દેશના કરોડો ગરીબ લોકોને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપી રહી છે અને લગભગ ૮૦ કરોડ લોકોને દર મહિને ૫ કિલો રાશન મફત આપવાનું કામ પણ મોદી સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા ૧૧ વર્ષમાં દેશની ઘણી સમસ્યાઓનું નિરાકરણ કર્યું છે. તેમણે કહ્યું કે ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ પ્રધાનમંત્રી મોદીએ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરીહતી. તેવી જ રીતે, આજે અયોધ્યા માં એક ભવ્ય રામ મંદિર બનાવવામાં આવ્યું છે અને મોદીજીએ કાશી વિશ્વનાથ કૉરિડોર પણ બનાવ્યો છે. તેમણે કહ્યું કે આપણું વંદયન વંદના દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યું હતું અને તે સ્થાનનું નામ શિવશક્તિ બિંદુ રાખવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આપણે ક્યારેય વિચારી શકતા નથી કે ભારત ૨૦૩૬ માં ઓલિમ્પિકનું આયોજન કરશે, પરંતુ ભારત ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરશે અને ભારતનું નામ મેડલ ટેલીમાંટોચના ૧૦ દેશોમાં પણ હશે. તેમણે કહ્યું કે ૧૧ વર્ષ પહેલા ભારતીય અર્થતંત્ર વિશ્વમાં ૧૧ માક્રમે હતું અને આજે આપણે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ. શ્રી શાહે કહ્યું કે આજે ભારત ફિનટેક કેપિટલ તરીકે વિશ્વમાં આગળ વધી રહ્યું છે. માથાદીઠ ડેટા વપરાશની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં ટોચપર છે અને આપણે વિશ્વમાં સૌથી વધુ મોબાઈલ ફોન બનાવતા દેશોમાં બીજા સ્થાને છીએ. સ્ટાર્ટઅપ્સના ક્ષેત્રમાં આપણા યુવાનો વિશ્વમા બીજા સ્થાને છે. નવીનીકરણીય ઉર્જામાં આપણે ત્રીજા સ્થાને છીએ અને ૨ગીબલ ફાયર પાવર ઈન્ડેક્સમાં આપણે વિશ્વમાં ચોથા સ્થાને છીએ. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, પ્રધાનમંત્રી મોદીએ ઉત્તરપૂર્વમાંઆતંકવાદ, નક્સલવાદ અને હિંસાનો લગભગ અંત લાવી દીધો છે.તેમણે પુનરોચ્ચારકર્યો કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, સમગ્ર દેશમાંથી ચાર દાયકા જૂનો નક્સલવાદ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે પ્રધાન મંત્રી મોદીના નેતૃત્વમાં ભારત વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધીરહ્યું છે. તેમણે કહ્યું કે ૨૦૪૭માં, જ્યારે દેશની આઝાદીની શતાબ્દી ઉજવવામાં આવશે,ત્યારે ભારતવિશ્વના દરેક ક્ષેત્રમાં ટોચ પર હશે અને આજે દેશમાં તેનો પાયો નાખવાનું કાર્ય થઈરહ્યું છે.તેમણે કહ્યુંકે મોદીજીએ છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં સિસ્ટમો બનાવવાનું કામ કર્યું છે અને સિસ્ટમો દ્વારા બનાવેલા આ પાયાના આધારે ૨૦૪૭નું મહાન ભારત બનાવવામાં આવશે. શ્રી અમિતશાહે કહ્યું કે આનવા બનેલા સેન્ટરમાંએક પુસ્તકાલય છે જેમાં ૫૦૦૦ પુસ્તકો છે. તેમણે બધા સભ્યોને વિનંતી કરી કે જો પુણે ગુજરાતી બંધુ સમાજના બધા સભ્યો ૨ પુસ્તકો ખરીદીને લાઈબ્રેરીમાંદાન કરે તો લાઈબ્રેરીમાં પુસ્તકોની સંખ્યા વધીને ૧૫૦૦૦ થઈ જશે. તેમણે કહ્યું કે આપણે બધાએ આપણાબાળકોને વાંચવાની અને ઈતિહાસજાણવાનીટેવ પાડવી જોઈએ.

કમલમ્,

સંતરામપુર તાલુકાના ગામ માલણપુર ખાતે શ્રી સ્વ. સોમાભાઈ કુબેરભાઈ પાંડોર ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં વિસ્તારના કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી.

કમલમ્,

સંતરામપુર તાલુકાના ગામ ખેડાપા ખાતે શ્રી સ્વ.દિનેશભાઇ વીરસીંગભાઇ પરગી ના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં વિસ્તારના કેબિનેટ મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડીંડોરે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી.

કમલમ્,

"એક રાષ્ટ્ર, એક ચૂંટણી" ની પહેલને જન જન સુધી પહોંચાડવા સાથે સિદ્ધપુર વિદ્યાનસભા ખાતે "પ્રબુદ્ધ નાગરિક સંમેલન" કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત તથા પૂર્વ સાંસદશ્રી જયશ્રીબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયું. જેમાં પ્રબુદ્ધજનોને 'એક દેશ, એક ચૂંટણી'ના મહત્વ અને ઉદ્દેશ્યો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી. આ કાર્યક્રમમાં અનિતાબેન પટેલ, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, સુશીલાબેન પટેલ, શ્રી જશુભાઈ પટેલ, સુમનાબેન રાવલ, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી મુકેશભાઈ ચૌધરી, ભાનુમતિબેન મકવાણા, શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી કિરણભાઈ શાસ્ત્રી, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી દિલીપજી ઠાકોર, શ્રી રમેશભાઈ દેસાઈ, સિદ્ધપુર શહેર & તાલુકા તેમજ સરસ્વતી તાલુકાના મહામંત્રીશ્રી અને હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના પુણેમાં પુણે લાઈફસ્પેસ ઈન્ટરનેશનલનું ભૂમિપૂજન કર્યું

પુણે લાઇફસ્પેસ ઇન્ટરનેશનલે નવી દિશા, નવો દ્રષ્ટિકોણ અને નવા યુગની શરૂઆત કરવાના હેતુથી તબીબી સેવાઓ, શિક્ષણ અને તબીબી સંશોધનના કાર્યને આગળ ધપાવવાનો નિર્ણય લીધો છે

મોદી સરકારે તબીબી બેઠકો બમણી કરી, અનુસ્નાતક બેઠકોમાં પણ અઢી ગણો વધારો કર્યો અને પીએમ જન ઔષધિ કેન્દ્ર દ્વારા ગરીબોને માત્ર ૨૦% ભાવે દવાઓ ઉપલબ્ધ કરાવી

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના પુણેમાં પૂના લાઈફ સ્પેસ ઈન્ટરનેશનલનું ભૂમિપૂજન કર્યું. આ પ્રસંગે મુહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથશિંદે અને કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી શ્રી મુરલીધર મોહોલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યુંહતું કે આગામી દિવસોમાં પુણે શહેર તેમજ રાજ્યભરના ૬ હજાર વિદ્યાર્થીઓ અહીં બનાવવામાં આવી રહેલી મેડિકલ કોલેજ અને સંશોધન કેન્દ્રમાંતબીબી વિજ્ઞાનનો અભ્યાસ કરશે. તેમણે કહ્યું કે ૧૪ એકરનો આ વિસ્તાર આગામી સમયમાં પુણે અને સમગ્ર પશ્ચિમ મહારાષ્ટ્રની સેવા માટે ઉપલબ્ધ રહેશે. શ્રી શાહે કહ્યું કે PHRC લાઈફ સાથ ન્સ આંગેનાઈઝેશને નવી દિશા, નવો અભિગમ અને નવા યુગની શરૂઆત કરવાના હેતુથી ૧૪ એકરમાં ૧૪ લાખ ચોરસ ફૂટમાં તબીબી સેવાઓ, શિક્ષણ અને તબીબી સંશોધનના કાર્યને આગળ વધારવાનો નિર્ણય લીધો છે. શ્રી અમિત શાહે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારે સર્વાગી અભિગમ સાથે ૧૪૦ કરોડ ભારતીયોના સ્વાસ્થ્ય માં સુધારો અને મજબૂતીકરણ શરૂકર્યું છે. તેમણે કહ્યું કે મોદીજીએ યોગ દિવસની શરૂઆત કરીહતી જે શરીર, મન અને આત્માને સ્વસ્થ રાખવા માટે જરૂરીછે. તેમણે કહ્યું કેફિટ ઇન્ડિયા દ્વારા દેશમાં એક નવી સંસ્કૃતિનું નિર્માણ થયું છે. આ સાથે, મિશન ઈન્દ્રધનુષ હેઠળ, દેશભર માં નવજાત શિશુથી લઈને ૧૯ વર્ષ સુધીના બાળકોને રસી સુરક્ષા મફતમાંઉપલબ્ધકરાવવામાં આવી રહી છે. શ્રી શાહે કહ્યું કેમોદી સરકાર દેશના ગરીબોને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર પૂરી પાડી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે મોદી સરકારે મેડિકલ સીટો બમણી કરી. પોસ્ટ ગ્રેજ્યુએટ સીટોમાંપણ અઢી ગણો વધારો કર્યો અને પ્રધાનમંત્રી જન ઔષધિકેન્દ્ર દ્વારાગરીબો માટે માત્ર ૨૦ ટકાના ભાવે દવાઓ ઉપલબ્ધ કરાવી. તેમણે કહ્યું કે ૨૦૧૩-૧૪માં ભારત સરકારનું આરોગ્ય બજેટ ૩૭ હજાર કરોડ રૂપિયા હતું અને ૨૦૨૫-૨૬માં મોદીજીએ તેને એક સર્વાંગી દૃષ્ટિકોણથી વધારીને ૧ લાખ ૩૭ હજાર કરોડ રૂપિયા કર્યું. તેમણે કહ્યું કે મોદી સરકારે દેશભરમાં ૭૩૦ નિરાકરણ કર્યું છે. તેમણે કહ્યું કે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ પ્રધાનમંત્રી મોદીએ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરીહતી. તેવી જ રીતે, આજે અયોધ્યા માં એક ભવ્ય રામ મંદિર બનાવવામાં આવ્યું છે અને મોદીજીએ કાશી વિશ્વનાથ કૉરિડોર પણ બનાવ્યો છે. તેમણે કહ્યું કે આપણું વંદયન વંદના દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યું હતું અને તે સ્થાનનું નામ શિવશક્તિ બિંદુ રાખવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આપણે ક્યારેય વિચારી શકતા નથી કે ભારત ૨૦૩૬ માં ઓલિમ્પિકનું આયોજન કરશે, પરંતુ ભારત ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરશે અને ભારતનું નામ મેડલ ટેલીમાંટોચના ૧૦ દેશોમાં પણ હશે. તેમણે કહ્યું કે ૧૧ વર્ષ પહેલા ભારતીય અર્થતંત્ર વિશ્વમાં ૧૧ માક્રમે હતું અને આજે આપણે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ. શ્રી શાહે કહ્યું કે આજે ભારત ફિનટેક કેપિટલ તરીકે વિશ્વમાં આગળ વધી રહ્યું છે. માથાદીઠ ડેટા વપરાશની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં ટોચપર છે અને આપણે વિશ્વમાં સૌથી વધુ મોબાઈલ ફોન બનાવતા દેશોમાં બીજા સ્થાને છીએ. સ્ટાર્ટઅપ્સના ક્ષેત્રમાં આપણા યુવાનો વિશ્વમા બીજા સ્થાને છે. નવીનીકરણીય ઉર્જામાં આપણે ત્રીજા સ્થાને છીએ અને ૨ગીબલ ફાયર પાવર ઈન્ડેક્સમાં આપણે વિશ્વમાં ચોથા સ્થાને છીએ. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, પ્રધાનમંત્રી મોદીએ ઉત્તરપૂર્વમાંઆતંકવાદ, નક્સલવાદ અને હિંસાનો લગભગ અંત લાવી દીધો છે.તેમણે પુનરોચ્ચારકર્યો કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, સમગ્ર દેશમાંથી ચાર દાયકા જૂની નક્સલવાદની સમસ્યા સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે પ્રધાન મંત્રી મોદીના નેતૃત્વમાં ભારત વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધીરહ્યું છે. તેમણે કહ્યું કે ૨૦૪૭માં, જ્યારે દેશની આઝાદીની શતાબ્દી ઉજવવામાં આવશે,ત્યારે ભારતવિશ્વના દરેક ક્ષેત્રમાં ટોચ પર હશે અને આજે દેશમાં તેનો પાયો નાખવાનું કાર્ય થઈરહ્યું છે.તેમણે કહ્યુંકે મોદીજીએ છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં સિસ્ટમો બનાવવાનું કામ કર્યું છે અને સિસ્ટમો દ્વારા બનાવેલા આ પાયાના આધારે ૨૦૪૭નું મહાન ભારત બનાવવામાં આવશે. શ્રી અમિતશાહે કહ્યું કે આનવા બનેલા સેન્ટરમાંએક પુસ્તકાલય છે જેમાં ૫૦૦૦ પુસ્તકો છે. તેમણે બધા સભ્યોને વિનંતી કરી કે જો પુણે ગુજરાતી બંધુ સમાજના બધા સભ્યો ૨ પુસ્તકો ખરીદીને લાઈબ્રેરીમાંદાન કરે તો લાઈબ્રેરીમાં પુસ્તકોની સંખ્યા વધીને ૧૫૦૦૦ થઈ જશે. તેમણે કહ્યું કે આપણે બધાએ આપણાબાળકોને વાંચવાની અને ઈતિહાસજાણવાનીટેવ પાડવી જોઈએ.

નાણામંત્રીની કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત જુજવાની ડી.એલ.શાહ પ્રાથમિક શાળાનું લોકાર્પણ

માતૃભાષામા અપાતું શિક્ષણ ખુબ મહત્વનું છે, તેનાથી વિદ્યાર્થીઓની ગ્રહણ શક્તિ વધે છે, - મંત્રીશ્રી કનુભાઇ દેસાઈ

કમલમ્,

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડતાલુકાનાજુજવા ખાતેઅંદાજીત રૂ. ૫.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત ડી. એલ. શાહ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું હતું. આ શાળાનું સંચાલન શ્રી જુજવા વિભાગ કેળવણી મંડળ દ્વારા કરવામાં આવેછે. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ સૌને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, હજારો વર્ષો પહેલા ગુરૂકુળમાં અભ્યાસ થતો હતો. ત્યારે આવી શિક્ષણ પદ્ધતિ ન હતી પરંતુ જીવનનું દરેક શિક્ષણ આપવામાં આવતું હતું.

હવટેકનોલોજીના યુગ છે એ પ્રમાણેનું શિક્ષણ આપવામાં આવે છે. જેની સાથે સાથે અંગ્રેજી ભાષાનું પણ ચલણ વધ્યું છે. પરંતુ માતૃભાષામાં આપવામાં આવતું શિક્ષણ ખુબ જ મહત્વનું છે. માતૃભાષાને કારણે બાળકની ગ્રહણ શક્તિ વધે છે અને સમજવામાં પણ સરળ બને છે. મંત્રીશ્રીએ ગાંધીજી, સરદાર પટેલને તેમનું શિક્ષણ દેશને કેવી રીતે ઉપયોગી થયું હતું તે જણાવ્યું હતું. વધુમાં તેમણે વલસાડના ગૌરવ એવા ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રધાનશ્રી સ્વ. મોરારજીભાઈ દેસાઈને યાદ કરતા કહ્યું હતું કે, તેમણે પણ સામાન્ય શાળામાં જ શિક્ષણ મેળવ્યું હતું પરંતુ દેશના વિકાસ માટે અને કેમ મહત્વપૂર્ણ નિર્ણયોકર્યા હતા.

વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે શાળાના લોકાર્પણની શુભેચ્છા આપતા પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, શાળાના નવા મકાનથી વિદ્યાર્થીઓને સુવિધાયુક્ત શિક્ષણ મળશે.